GJSK180003412026

| | | |
|---|---|---|
| રજૂ તારીખ | : | ૧૦/૦૩/૨૦૨૬ |
| નોધ્યા તારીખ | : | ૧૦/૦૩/૨૦૨૬ |
| ફેંસલ તારીખ | : | ૩૦/૦૩/૨૦૨૬ |

| | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| સમયગાળો : | ૦૦ | ૦૦ | ૨૦ |

**<u>ઈડરના મે.ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશ શ્રી (એમ.વાય.રાધનપુરવાલા) ની કોર્ટમા, મુકામ–ઈડર</u>**

**<u>ફોજદારી પરચુરણ અરજ નં.૧૪૯/૨૦૨૬</u>**
**<u>આંક : ૭</u>**

**<u>અરજદાર :</u>** ઠાકોર પ્રકાશજી ગોવિંદજી,
ઉ.વ.આ.૩૮, ધંધો–ખેતી,
રહે.બોરતવાડા (ઠાકોરવાસ) તા.પાટણ,
જી.પાટણ

**વિરૂધ્ધ**

**<u>સામાવાળા :</u>** શ્રી સરકાર

**<u>અરજ :–</u>** બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૨ મુજબ
આગોતરા જામીન મેળવવા માટે.

**અરજદાર પક્ષે વિ.વ.શ્રી : બી.આઇ.લીંમાણી**
**<u>સામાવાળા પક્ષે વિ.એ.પી.પી.શ્રી : એસ.કે.પરમાર</u>**

**<u>// ચુ કા દો //</u>**

(૧) આ કામના અરજદાર/ આરોપીએ તેઓની વિરૂધ્ધ નોંધાયેલ ખેડબ્રહમા પોલીસ સ્ટેશન પાર્ટ–સી ગુ.ર.નં.૧૧૨૦૯૦૨૮૨૬૦૦૨૩/ ૨૦૨૬, ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫એઇ, ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬બી મુજબના ગુનાના કામે પોલીસ તેમની ગમે તે

સમયે ધરપકડ કરે તેવી શકયતા હોય, આગોતરા જામીન મુકત થવા હાલની અરજી કરેલી છે.

અરજદાર તરફે તેમની અરજીના સમર્થનમા આંક–૩ ના પુરાવા લીસ્ટથી તેમના આધારકાર્ડ અને એફ.આઇ.આર.ની ખરી નકલ રજુ કરેલ છે.

(૨) અરજદારની અરજી રજૂ થતાં આ કામે સામાવાળા શ્રી સરકાર તરફે નોટિસ કાઢવામાં આવતા સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.કે.પરમાર આંક–૫ ની પુરસીસ આધારે હાજર થયેલા છે અને આંક–૬ થી તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ રજુ કરેલ છે.

(૩) અરજદાર તરફે વિ.વ.શ્રીબી.આઇ.લીંમાણીનાઓએ તેઓની અરજીના સમર્થનમા દલીલ કરતા જણાવેલ છે કે, અરજદાર તદન નિર્દોષ છે અને ગુના વિશે બિલકુલ અજાણ છે, ગુનાની તપાસના કામે પોલીસ તેમના ઘરે પુછપરછ કરવા આવેલી હતી. તેઓ ગુના વિશે કશુ જાણતા નથી, ફરીયાદીએ તેઓ આરોપીસનુ પુરુ નામના પાછળ પિતાજીનુ નામ ખોટુ છે,સરનામુ પણ ખોટુ છે, તેમના કબજામાથી ગુનાહિત મુદામાલ મળી આવેલ નથી, આ અગાઉ કોઇ ગુનો નોંધાયેલ નથી, પોલીસે પાછળથી કલમનો ઉમેરો કરેલ છે. જેમા પણ અરજદારનુ નામ ખોટુ છે, અરજદાર/આરોપી બાળબચ્ચા વાળા છે અને ઘરમા કમાનાર એક જ વ્યકિત છે, ઘરની તમામ જવાબદારી તેમના શીરે છે. અરજદાર તપાસ કરનાર અમલદારને સાથ સહકાર આપશે. તેમજ નામદાર કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનુ પાલન કરવા ખુશી અને તૈયાર છે. જેથી અરજદાર આરોપીની આગોતરા જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) સામાવાળા પક્ષે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓની દલીલમાં અરજદારની અરજીના વિરુધ્ધમા તપાસ કરનારે કરેલ સોગંદનામાની હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે અને જણાવેલ છે કે, આ કામના આરોપી ચાલકે પોતાના કબજાની મારુતી સુઝીકી કંપનીની ઇકો ગાડી નંબર જીજે–૨૪–એકયુ–૧૬૭૧ મા ગેરકાયદેસર વગર પાસ

પરમીટે ભારતીય બનાવટના દેશી દારૂની તથા બીયરની અલગ અલગ બ્રાન્ડની કુલ બોટલ નંગ-૮૬૪ કિંમત રૂા.૧,૨૭,૮૭૨/- નો દારૂ આરોપી નં.૨,૩,૪,૫ નાઓએ ઇકો ગાડીમા ભરી આપી જે ઇકો ગાડી કિંમત રૂા.૨,૫૦,૦૦૦/- ની ગણી કુલ કિંમત રૂા.૩,૭૭,૮૭૨/- ના મુદામાલ સાથે લઇ આવી આરોપી નં.૧ નાઓ પકડાઇ જઇ તથા આરોપી નં.૬ નાઓ નાકાબંધી દરમ્યાન ગાડીમાથી ઉતરી નાસી જઇ ગંભીર પ્રકારનો ગુનો કરેલો છે. જેથી અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રી ને સાંભળ્યા, તપાસ કરનાર અમલદારે રજુ કરેલ એફીડેવીટની નકલ, એફ.આઇ.આર. તેમજ તપાસના કાગળો ધ્યાને લીધા. અરજદાર આરોપી વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫એઇ, ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬બી મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદાર/આરોપીની અરજીની હકીકતો ધ્યાને લેતાં અરજદાર આરોપીના નામની પાછળ પિતાનુ નામ ખોટુ છે અને તેમજ આ કામે અરજદાર તરફે રજુ થયેલ અરજદારનુ આધાર કાર્ડ ધ્યાને લેતાં અરજદાર/આરોપીનુ નામ ઠાકોર પ્રકાશજી ગોવિંદજી જણાવેલ છે અને સરનામુ બોરતવાડા, પાટણ જણાવેલ છે. જયારે આ કામે એફ.આઇ.આર. વંચાણે લેવામાં આવે તો, આરોપી નં.૬ તરીકે પ્રકાશજી જેમાજી ઠાકોર નામ જણાવેલ છે અને સરનામુ ગામ વેજાવાડા, તા.હારીજ, જી.પાટણ જણાવેલ છે. વધુમાં આ કામે પોલીસ તપાસના કાગળો ધ્યાને લેતાં તેમાં વેજાવાડા ગ્રામ પંચાયતના સરપંચનો દાખલો વંચાણે લેવામાં આવે તો તેમા પ્રકાશજી જેમાજી જાતે ઠાકોર રહે.વેજાવાડા, તા.હારીજ જી.પાટણના વતની નથી કે આવો કોઇ ઇસમ તેમના ગામમાં રહેતો નથી તેમ જણાવેલ છે. જયારે આ કામે રજુ થયેલ એફીડેવીટ ધ્યાને લેતાં તેમા અરજદાર/આરોપીનુ નામ લખી કૌસમાં તેમના પિતા તરીકે

ગોવીંદજીનુ નામ જણાવેલ છે. પરંતુ સરનામામાં વેજાવાડા તા.હારીજ, જી.પાટણ હોવાનુ જણાવેલ છે. જયારે ઉપર જણાવેલ હકીકત મુજબ તપાસ કરનાર અમલદારની એફીડેવીટમાં કૈંસમા અરજદારના પિતાજીનુ નામ ગોવિંદજી લખી દીધેલ છે પરંતુ સરનામુ વેજાવાડાનુ જ જણાવેલ છે. આમ, તપાસ કરનાર અમલદારે કરેલ સોગંદનામા માં અરજદાર/આરોપીના પિતાજીનુ નામ ગોવિંદજી તરીકે લખી કોર્ટને ગેરમાર્ગે દોરવા પ્રયત્ન કરેલાનુ પ્રથમ દર્શનીય જણાઇ આવે છે. વધુમાં, આ કામે બોરતવાડા ગ્રામ પંચાયતના સરપંચનો દાખલો રજુ થયેલ છે તે વંચાણે લેવામાં આવે તો તેમા પ્રકાશજી જેમાજી ઠાકોર રહે.બોરતવાડા તા.હારીજ, જી.પાટણ તેમના ગામનો વતની છે તેમ જણાવેલ છે. આમ, આ કામે એફ.આઇ.આર., એફીડેવીટ તેમજ તપાસના કામે રજુ થયેલ ઉપરોકત ગ્રામ પંચાયતના બંને દાખલાઓ તેમજ અરજદાર તરફે રજુ થયેલ આધારકાર્ડની વિગતો વંચાણે લેતાં, તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતે ***Siddhram Satlingappa Mahetre Versus State of Maharashtra (2011) 1 SCC 694,*** ના ચુકાદાના પેરા-૧૨૨ માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઇ અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવાનું ન્યાયોચિત જણાઇ આવતુ હોય, ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

/// **હુ ક મ** ///

(૧) અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીને ખેડબ્રહમા પોલીસ સ્ટેશન પાર્ટ–સી ગુ.ર.નં.૧૧૨૦૯૦૨૮૨૬૦૦ ૨૩/૨૦૨૬, ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫એઇ, ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬બી મુજબના ગુનાના કામે ધરપકડ કરવાનો પ્રસંગ બને તે સંજોગોમાં સબંધીત પોલીસ સ્ટેશન/તપાસ કરનાર અમલદાર સમક્ષ અરજદાર/આરોપી રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર)

પુરાના જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :**

(૧) અરજદાર/આરોપીએ તારીખ : ૦૧/૦૪/૨૦૨૬ ના રોજ કલાક : ૧૧.૦૦ થી ૨.૦૦ દરમ્યાન સબંધીત પોલીસ સ્ટેશનમાં તપાસ કરનાર અમલદાર સમક્ષ હાજર રહેવુ અને તપાસના કામમાં સાથ સહકાર આપવો.

(૨) અરજદાર/આરોપીએ આ ગુનાની સંપુર્ણ તપાસ પુર્ણ થઇ ચાર્જશીટ થતાં સુધી સબંધિત કોર્ટ તથા ત.ક.અમલદારની પુર્વ પરવાનગી વિના ગુજરાત રાજયની હદ છોડવી નહી.

(૩) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો સબંધીત કોર્ટ સમક્ષ જામીન મુકત થયેથી દિન-૭ માં રજુ કરવા અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનુ સોગંદનામુ રજુ કરવાનુ રહેશે.

(૪) અરજદાર/આરોપી તથા તેમના જામીનદારે જામીન રજુ કરતી વખતે તેમના પાસપોર્ટ સાઇઝના તાજેતરના ફોટોગ્રાફસ, પોતાના કાયમી રહેઠાણના આધાર પુરાવા સાથે રજુ કરવાના રહેશે.

(૫) અરજદાર/આરોપી તથા જામીનદારે તેઓના રહેઠાણના સરનામામાં ફેરફાર થાય તો સબંધીત કોર્ટ અને પોલીસ સ્ટેશનને જાણ કરવી.

(૬) હુકમ મુજબ સબંધીત પોલીસ સ્ટેશને યાદી કરવી.

હુકમ આજરોજ તારીખ :૩૦ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : ઇડર
તારીખ : ૩૦/૦૩/૨૦૨૬

(એમ.વાય.રાધનપુરવાલા)
ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશ
સાબરકાંઠા-ઇડર
જજ કોડ જીજે૦૦૭૩૪

**BYT*\`